**C.C.No. 509/2001**

રજૂ તારીખ : ૨૩ – ૦૩ – ૨૦૦૧
દાખલ તારીખ : ૨૩ – ૦૩ – ૨૦૦૧
જજમેન્ટ તારીખ : ૦૯ – ૦૬ – ૨૦૨૬
અવધિ : વર્ષ– ૨૫ , માસ– ૦૨, દિન– ૧૭

## ધોળકાના મહે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, ધોળકા.

ક્રીમીનલ કેસ નં. ૫૦૯/૨૦૦૧
આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિ.

આરોપીઓ :
૧. શેરાભાઈ મયુદ્દીન અંસારી,
૨. નુરીભાઈ મયુદ્દીન અંસારી (એબેટ),
૩. નઈમભાઈ કુરબાનભાઈ અંસારી,
૪. રેઈમભાઈ મહેમુદભાઈ અંસારી,
૫. નઈમભાઈ મહેમુદભાઈ અંસારી),
૬. બાબુભાઈ મયુદ્દીનભાઈ અંસારી(એબેટ),
૭. ચાંદભાઈ ઉર્ફે બટકો શકીલખાન પઠાણ,
૮. શિમ્મભાઈ છુન્નુભાઈ અંસારી,
૯. ચાંદભાઈ ઉર્ફે તોતળો, મહંમદઅલી પઠાણ,
૧૦. મહંમદહુસેન અલીહુસેન અંસારી,
તમામ રહે. એ/૮, આશીયાના સોસાયટી,
મફતીયાપરા, ધોળકા,તા.ધોળકા, જી.અમદાવાદ.
મૂળ રહે. રામપુર તા.મુરાદાબાદ, જી.બરેલી. (યુ.પી.)

ફરીયાદી તરફે એ.પી.પી.શ્રી વાઘેલા
આરોપી તરફે વિ.વ.શ્રી એ.એ.શેખ.

**તહોમત : ધી ઈન્ડીયન પીનલ કોડ કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૩૭, ૫૦૪, બી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ.**

## //જજમેન્ટ//

૧. ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાનો પગ સાહેદ નં.૬ નાનીને તા.૨૬.૧.૨૦૦૧ ના કલાક ૧૮.૪૫ વાગ્યે ભુલથી પગ અડી જતા સાહેદણબેને આરોપી નં.૧ નાને ઠપકો આપેલકે જોતો નથી આંધળો છે તેમ કહેતા આરોપી નં.૧ નાનો ઉશ્કેરાઇ જઇને બિભત્સ ગાળો બોલી કહેલ કે થોભી જાઓ હું તમને બતાવી દઉ છું તેમ કહી આરોપી નં.૧ નાઓ બીજા આરોપીઓને બોલાવી લાવેલ જેમાં આરોપી એક પાસે લાકડી આરોપી નં.૫ પાસે છરી તથા આરોપી નં.૯ પાસે બાવળનુ લાકડુ તથા આરોપી નં.૮ પાસે તલવાર તથા બાકીનાઓ પાસે હાથ પથ્થર લઈ આવી આરોપી એકનાએ સાહેદ નં.૮ નાને માથામાં તથા બરડામાં લાકડી મારી તથા આરોપી નં.૯ નાએ સાહેદ નં.૭ નાને હાથ ઉપર બાવળનું લાકડુ મારી તથા બાકીનાઓએ છુટ્ટા પથ્થરો મારી બીજા સાહેદોને વત્તા ઓછા

પ્રમાણમાં ઈજા કરી આરોપીઓએ એક સંપ થઇ આવી ગાળો બોલી, છુટ્ટા પથ્થરો મારી સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી મે.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેરનામા નો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૩૭, ૫૦૪, બી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધી ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

૨. આ કામે એ હકીકત નોધવી જરૂરી છે કે, આરોપીઓ મળી આવતા ન હોય, તેમના જામીનદાર હાજર રહેતા ન હોય, અને માત્ર આરોપી નં.૧ નાઓ હાજર રહેતા અને કેસ ૨૫ વર્ષ ઉપરાંતનો જુનો કેસ હોય આરોપી પક્ષે તેમના પુરતો કેસ કાર્યવાહી આગળ ચલાવવા રજૂઆત કરેલ છે અને અન્ય આરોપીઓના કારણે તેમનો કેસ આગળ વધતો ન હોય અને આ કામે ફરીયાદી પક્ષ સામે પણ એફ.આઈ.આર. નોંધાયેલ હોય તેમની સામે પણ ગુનો દાખલ થતા ચાર્જશીટ થયેલ જે ફોજદારી કેસ નં.૫૧૦/૨૦૦૧ થી કોર્ટમાં કેસ ચાલી રહેલ જે કેસના કામે જે તે વખતના પ્રિસાઈડીંગ ઓફિસર દ્વારા તા.૨૬.૬.૨૦૨૨ ના રોજ આંક-૧ લગત હુકમ કરી સદર કેસ ફેસલ કરેલ છે. આમ, પક્ષકારો વચ્ચે અન્ય કેસનો નિકાલ થયેલ છે. જ્યારે હાલનો કેસ પેન્ડીંગ હોય અને આરોપી પક્ષે તથા ફરીયાદી પક્ષે એવી રજૂઆત કરાયેલ છે કે તેમની વચ્ચે ઘરમેળ સમાધાન થઇ ગયેલ છે અને હવે પક્ષકારો વચ્ચે કોઈ વિખવાદ નથી. ઉપરોકત રીતની રેકર્ડ પરની સ્થિતિ તથા આરોપી પક્ષે કરાયેલ રજૂઆત વિગેરે ધ્યાને લઇ આંક-૧ લગત હુકમ કરી બી.એન.એસ.એસ. કલમ ૩૩૫ અન્વયે અન્ય આરોપીઓની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા હુકમ કરવામાં આવેલ છે. અને કેસ કાર્યવાહી આગળ ચલાવવા વિગતવાર આંક-૧ લગત હુકમ કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદ પક્ષ તથા હાજર સાહેદો દ્વારા તેમની જુબાની રજૂ કરવામાં આવેલ છે અને નીચે મુજબના દસ્તાવેજો કેસના ન્યાય નીર્ણય માટે રેકર્ડમાં લેવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદી ઈસ્માઈભાઈ વલીભાઈ ઘાંચી(વ્હોરા)ની જુબાની | આંક-૩૮ |
| (૨) | અસલ એફ.આઈ.આર. | આંક- ૩૯ |
| (૩) | સાહેદ આરિફભાઈ ગફુરભાઈ ઘાંચીની જુબાની | આંક-૪૦ |
| (૪) | સાહેદ સુલેમાનભાઈ મુસાભાઈ વ્હોરાની જુબાની | આંક-૪૧ |
| (૫) | સાહેદ સુલેમાનભાઈ મુસાભાઈ વ્હોરાનો મરણનો દાખલો | આંક-૪૨ |
| (૬) | સાહેદ નુરબીબી અબ્બાસભાઈની જુબાની | આંક-૪૩ |
| (૭) | સાહેદ જોહરાબેન ગફુરભાઈ ઘાંચીની જુબાની | આંક-૪૪ |
| (૮) | સાહેદ શરીફાબેન મયુદ્દીનભાઈની જુબાની | આંક-૪૮ |
| (૯) | હથિયાર કબ્જે કર્યાનું પંચનામું | આંક-૪૭ |
| (૧૦) | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | આંક-૪૭એ |

૩. આ કામે હાજર આરોપી સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તેને ક્રમ અનુસાર આંક નં.૪૫ આપવામાં આવેલ છે. આરોપીએ ગુનાની કબુલાત કરેલ ન હોય તેનો જવાબ આંક-૪૬ થી રેકર્ડ કરવામાં આવેલ છે. આ કામે આરોપી નં.૨ નુરીભાઈ મયુદ્દીન અંસારી તથા આરોપી નં.૬ બાબુભાઈ મયુદ્દીન ભાઈ અંસારી ગુજરી ગયેલ હોવાથી તેમના તરફે કેસ એબેટ કરવામાં આવેલ છે. તેથી તેમના પુરતો કેસ ચલાવવાનો રહેતો નથી. જ્યારે અન્ય આરોપીઓ સામે ઉપર જણાવેલ મુજબનો બી.એન.એસ.એસ. કલમ-૩૩૫ મુજબ તેમની ગેરહાજરીમાં પુરાવો નોંધવા હુકમ કરાયેલછે. ફરીયાદ પક્ષના તહોમત મુજબનો ગુનો કે કોઈ ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ છે કે કેમ તે નક્કી કરવા માટે ફરીયાદ પક્ષે ઉપરોક્ત વિગત વર્ણનવાળા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા રજૂ કરેલ છે. સદર પુરવાઓ

ધ્યાને લેતા આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## મુદ્દા

મુદ્દા નં.૧ શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાનો પગ સાહેદ નં.૬ નાનીને તા.૨૬.૧.૨૦૦૧ ના કલાક ૧૮.૪૫ વાગ્યે ભુલથી પગ અડી જતા સાહેદણબેને આરોપી નં.૧ નાને ઠપકો આપેલકે જોતો નથી આંધળો છે તેમ કહેતા આરોપી નં.૧ નાનો ઉશ્કેરાઇ જઇને બિભત્સ ગાળો બોલી કહેલ કે થોભી જાઓ હું તમને બતાવી દઉ છું તેમ કહી આરોપી નં.૧ નાઓ બીજા આરોપીઓને બોલાવી લાવેલ જેમાં આરોપી એક પાસે લાકડી આરોપી નં.૫ પાસે છરી તથા આરોપી નં.૯ પાસે બાવળનુ લાકડુ તથા આરોપી નં.૮ પાસે તલવાર તથા બાકીનાઓ પાસે હાથ પથ્થર લઇ આવી આરોપી એકનાએ સાહેદ નં.૮ નાને માથામાં તથા બરડામાં લાકડી મારી તથા આરોપી નં.૯ નાએ સાહેદ નં.૭ નાને હાથ ઉપર બાવળનું લાકડુ મારી તથા બાકીનાઓએ છુટ્ટા પથ્થરો મારી બીજા સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઇજા કરી આરોપીઓએ એક સંપ થઇ આવી ગાળો બોલી, છુટ્ટા પથ્થરો મારી સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઇજાઓ કરી મે.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેરનામા નો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૩૭, ૫૦૪, બી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું હુકમ કરવો જોઈએ ?

૪. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબ છે.

## નિ ર્ણ યો

મદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## કા ર ણો

મુદ્દા નં.૧ ::

૫. આ કામે ફરીયાદપક્ષે આંક-૩૮ થી ફરીયાદી ઇસ્માઇલભાઈ ઘાંચી(વ્હોરા)એ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, આશરે પચ્ચીસ વર્ષ પહેલા સાંજના સમયે તેમના ભાભી શરીફાબેન અને આશીયાના સોસાયટીમાં રહેતા શેરાભાઇ અસારી સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને બોલાચાલીનો અવાજ સાંભળી બંન્ને પક્ષે પંદરથી વીસ માણસોનું ટોળું ભેગું થઇ ગયેલુ અને સામસામે પથ્થરમારો થયેલો. આ બનાવમાં મને પથ્થર વાગવાથી સામાન્ય ઇજા થયેલી જેથી તેઓએ ધોળકા પોલિસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. આ સિવાય કઇ બનેલુ નહી. તેઓએ ફરીયાદમાં શું લખાવેલુ તે તેમને યાદ નથી. તેઓએ આંક-૩૯ થી રજૂ ફરીયાદમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ. આમ, સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા સદર ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ કે, તેમને અને સામેવાળા અન્ય સાહેદોને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે. તેમજ સામાવાળા આરોપીપક્ષે તેમના પક્ષ વિરુધ્ધ જે કેસ કરેલો તે ક્રિમિનલ કેસ નં- ૫૧૦/૨૦૦૧ જે ફેસલ થઇ ગયેલ છે જેથી આ કેસના કામે તેઓને આગળ કોઇ પુરાવો આપવો નથી. તેમજ તેમને અન્ય આરોપીઓ સાથે પણ સમાધાન થઇ ગયેલ હોય તેમના સામે પણ તેમને કોઇ પુરાવો વિશેષ રજુ કરવાનો નથી.

૬. આ કામે ફરીયાદ પક્ષે આંક-૪૦ થી સાહેદ આસિફભાઈ ગફુરભાઈ ઘાંચીએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે,આશરે પચ્ચીસ વર્ષ પહેલા સાંજના સમયે શરીફાબેન અને આશીયાના

સોસાયટીમાં રહેતા શેરાભાઇ અસારી વચ્ચે સામસામે બોલાચાલી થયેલી અને બોલાચાલીનો અવાજ સાંભળી બંન્ને પક્ષે પંદરથી વીસ માણસોનું ટોળું ભેગું થઇ ગયેલુ અને સામસામે પથ્થરમારો થયેલો. આ બનાવમાં તેમને પથ્થર વાગવાથી હાથમાં, માથામાં તથા બરડાના ભાગે સામાન્ય ઇજા થયેલી. આ બનાવમાં મારા ભાઇ અહેમદભાઇ ગફુરભાઇને પણ છુટો પથ્થર વાગેલો અને ડાબી આંખના ભાગે સામાન્ય ઇજા થયેલી. આ સિવાય કઇ બનેલુ નહી. તેઓએ પોલિસને કોઇ જવાબ લખાવેલો નહી કે તેઓએ ડોકટરને કોઇ ઇજા અંગેનું કારણ જણાવેલુ નહી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ કે, તેઓને તથા તેમના ભાઈ અહેમદભાઈ ગફુરભાઈને અન્ય સાહેદોને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે. તેમજ સામાવાળા આરોપીપક્ષે તેમના પક્ષ વિરુધ્ધ જે કેસ કરેલો તે ક્રિમિનલ કેસ નં- ૫૧૦/૨૦૦૧ જે ફેસલ થઇ ગયેલ છે જેથી આ કેસના કામે તેઓને અનેતેમના ભાઈ અહેમદભાઈને આગળ કોઇ પુરાવો આપવો નથી. તેમજ તેમને અન્ય આરોપીઓ સાથે પણ સમાધાન થઈ ગયેલ હોય તેમના સામે પણ તેમને કોઈ પુરાવો વિશેષ રજુ કરવાનો નથી.

૭. આ કામે ફરીયાદ પક્ષે આંક-૪૧ થી સાહેદ સુલેમાનભાઈ મુસાભાઈ વ્હોરાએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે,આશરે પચ્ચીસ વર્ષ પહેલા સાંજના સમયે શરીફાબેન અને આશીયાના સોસાયટીમાં રહેતા શેરાભાઇ અસારી વચ્ચે સામસામે બોલાચાલી થયેલી અને બોલાચાલીનો અવાજ સાંભળી બંન્ને પક્ષે પંદરથી વીસ માણસોનું ટોળું ભેગું થઇ ગયેલુ અને સામસામે પથ્થરમારો થયેલો. આ બનાવમાં મને પથ્થર વાગવાથી ડાબા પગની ઘુંટીના ભાગે સામાન્ય ઇજા થયેલી આ પથ્થર કોણે ફેકેલો તેની મને ખબર નથી. આ બનાવમાં મારા માતા પુંજીબેન મુસાભાઇને પણ માથાના ભાગે પથ્થર વાગેલો અને તેઓ તા. ૦૩/૦૮/૨૦૨૧ ના રોજ અવસાન પામેલા અને તેમના મરણનો દાખલો તેઓએ રજૂ કરેલ જે આ કામે આંક-૪૨ રજૂ છે. તેમજ આ કામના સાહેદ શરીફાબેન ઇસ્માઇલભાઇ તેમના ભાભી થાય છે અને તેઓ અસ્થિર મગજના કારણે નામદાર કોર્ટમાં હાજર રહી જુબાની આપવા સક્ષમ નથી જેથી કોર્ટમાં આજરોજ આવેલ નથી. આ સિવાય તેમને કઇ કહેવુ નથી. તેમજ તેઓએ પોલિસને કોઇ જવાબ લખાવેલો નહી કે તેઓએ ડોકટરને કોઇ ઇજા અંગેનું કારણ જણાવેલુ નહી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ કે, તેઓને તથા સામાવાળા અન્ય સાહેદોને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે. તેમજ સામાવાળા આરોપીપક્ષે તેમના પક્ષ વિરુધ્ધ જે કેસ કરેલો તે ક્રિમિનલ કેસ નં- ૫૧૦/૨૦૦૧ જે ફેસલ થઇ ગયેલ છે જેથી આ કેસના કામે તેઓને આગળ કોઇ પુરાવો આપવો નથી. તેમજ તેમને અન્ય આરોપીઓ સાથે પણ સમાધાન થઈ ગયેલ હોય તેમના સામે પણ તેમને કોઈ પુરાવો વિશેષ રજુ કરવાનો નથી.

૮. આ કામે આંક-૪૩ થી સાહેદ નુરબીબી અબ્બાસભાઈએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, આશરે પચ્ચીસ વર્ષ પહેલા સાંજના સમયે શરીફાબેન અને આશીયાના સોસાયટીમાં રહેતા શેરાભાઇ અસારી વચ્ચે સામસામે બોલાચાલી થયેલી અને બોલાચાલીનો અવાજ સાંભળી બંન્ને પક્ષે પંદરથી વીસ માણસોનું ટોળું ભેગું થઇ ગયેલુ અને સામસામે પથ્થરમારો થયેલો. આ બનાવમાં તેણીને પથ્થર વાગવાથી બરડાના તથા પીઠના પડખાના ભાગે સામાન્ય ઇજા થયેલી આ પથ્થર કોણે ફેકેલો તેની તેણીને ખબર નથી. આ સિવાય કઇ બનેલુ નહી. તેણીએ પોલિસને કોઇ જવાબ લખાવેલો નહી કે તેણીએ ડોકટરને કોઇ ઇજા અંગેનું કારણ જણાવેલુ નહી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી.

શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેણીએ એ વાત સ્વીકારેલ કે, તેઓને તથા સામાવાળા અન્ય સાહેદોને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે. તેમજ સામાવાળા આરોપી પક્ષે તેમના પક્ષ વિરુધ્ધ જે કેસ કરેલો તે ક્રિમિનલ કેસ નં– ૫૧૦/૨૦૦૧ જે ફેસલ થઇ ગયેલ છે જેથી આ કેસના કામે તેણીને આગળ કોઇ પુરાવો આપવો નથી. તેમજ તેમને અન્ય આરોપીઓ સાથે પણ સમાધાન થઇ ગયેલ હોય તેમના સામે પણ તેમને કોઇ પુરાવો વિશેષ રજુ કરવાનો નથી.

૯. આ કામે આંક–૪૪ થી સાહેદ જોહરાબેન ગફુરભાઈ ઘાંચીએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, આશરે પચ્ચીસ વર્ષ પહેલા સાંજના સમયે શરીફાબેન અને આશીયાના સોસાયટીમાં રહેતા શેરાભાઇ અસારી વચ્ચે સામસામે બોલાચાલી થયેલી અને બોલાચાલીનો અવાજ સાંભળી બંન્ને પક્ષે પંદરથી વીસ માણસોનું ટોળું ભેગું થઇ ગયેલુ અને સામસામે પથ્થરમારો થયેલો. આ બનાવમાં તેણીને પથ્થર વાગવાથી બરડાના તથા પીઠના પડખાના ભાગે સામાન્ય ઇજા થયેલી આ પથ્થર કોણે ફેકેલો તેની તેણીને ખબર નથી. આ સિવાય કઇ બનેલુ નહી. તેણીએ પોલિસને કોઇ જવાબ લખાવેલો નહી કે તેણીએ ડોકટરને કોઇ ઇજા અંગેનું કારણ જણાવેલુ નહી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેણીએ એ વાત સ્વીકારેલ કે, તેઓને તથા સામાવાળા અન્ય સાહેદોને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે. તેમજ સામાવાળા આરોપીપક્ષે તેમના પક્ષ વિરુધ્ધ જે કેસ કરેલો તે ક્રિમિનલ કેસ નં– ૫૧૦/૨૦૦૧ જે ફેસલ થઇ ગયેલ છે જેથી આ કેસના કામે તેણીને આગળ કોઇ પુરાવો આપવો નથી. તેમજ તેમને અન્ય આરોપીઓ સાથે પણ સમાધાન થઇ ગયેલ હોય તેમના સામે પણ તેમને કોઇ પુરાવો વિશેષ રજુ કરવાનો નથી.

૧૦. આ કામે આંક–૪૮ શરિફાબેન મયોદીનભાઇએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે પચ્ચીસ વર્ષ પહેલા સાંજના સમયે તેણી તેના ઘરની બહાર લસણ ફોલવા બેસવા જતી હતી ત્યારે ત્યાથી આશીયાના સોસાયટીમાં રહેતા શેરાભાઇ અસારી ત્યાથી નીકળેલા અને તેઓનેબોલાચાલી થયેલી અને બોલાચાલીનો અવાજ સાંભળી બંન્ને પક્ષે પંદરથી વીસ માણસોનું ટોળું ભેગું થઇ ગયેલુ અને સામસામે પથ્થરમારો થયેલો. આ બનાવમાં તેણીને પથ્થર વાગવાથી સામાન્ય ઇજા થયેલી આ પથ્થર કોણે ફેકેલો તેની તેને ખબર નથી. આ સિવાય કઇ બનેલુ નહી. તેણીએ પોલિસને કોઇ જવાબ લખાવેલો નહી કે તેણીએ ડોકટરને કોઇ ઇજા અંગેનું કારણ જણાવેલુ નહી. આ બનાવની ફરિયાદ તેના દિયર ઇસ્માઇલભાઇએ આપેલી. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ કે, તેઓને તથા સામાવાળા અન્ય સાહેદોને અંદરો અંદર સમાધાન થઇ ગયેલ છે. તેમજ સામાવાળા આરોપીપક્ષે તેમના પક્ષ વિરુધ્ધ જે કેસ કરેલો તે ક્રિમિનલ કેસ નં– ૫૧૦/૨૦૦૧ જે ફેસલ થઇ ગયેલ છે જેથી આ કેસના કામે તેણીને આગળ કોઇ પુરાવો આપવો નથી. તેમજ તેમને અન્ય આરોપીઓ સાથે પણ સમાધાન થઇ ગયેલ હોય તેમના સામે પણ તેમને કોઇ પુરાવો વિશેષ રજુ કરવાનો નથી.

૧૧. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ વિશેષ નિવેદન બી.એન.એસ.

એસ.કલમ-૩૫૧ મુજબ નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ નિર્દોષ હોય અને કોઇ ગુનો કરેલ નથી તેવી રજૂઆત કરેલ છે.

૧૨. આ કામે સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આંક- ૩૯ ની ફરિયાદ હકીકત જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાનો પગ સાહેદ નં.૬ નાનીને તા.૨૬.૧.૨૦૦૧ ના કલાક ૧૮.૪૫ વાગ્યે ભુલથી પગ અડી જતા સાહેદણબેને આરોપી નં.૧ નાને ઠપકો આપેલકે જોતો નથી આંધળો છે તેમ કહેતા આરોપી નં.૧ નાનો ઉશ્કેરાઇ જઇને બિભત્સ ગાળો બોલી કહેલ કે થોભી જાઓ હું તમને બતાવી દઉ છું તેમ કહી આરોપી નં.૧ નાઓ બીજા આરોપીઓને બોલાવી લાવેલ જેમાં આરોપી એક પાસે લાકડી આરોપી નં.૫ પાસે છરી તથા આરોપી નં.૯ પાસે બાવળનુ લાકડુ તથા આરોપી નં.૮ પાસે તલવાર તથા બાકીનાઓ પાસે હાથ પથ્થર લઇ આવી આરોપી એકનાએ સાહેદ નં.૮ નાને માથામાં તથા બરડામાં લાકડી મારી તથા આરોપી નં.૯ નાએ સાહેદ નં.૭ નાને હાથ ઉપર બાવળનું લાકડુ મારી તથા બાકીનાઓએ છુટ્ટા પથ્થરો મારી બીજા સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજા કરી આરોપીઓએ એક સંપ થઇ આવી ગાળો બોલી, છુટ્ટા પથ્થરો મારી સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલ હોવાનુ અને આવી ઈજાઓ હાલના આરોપી નં.૧ ના દ્વારા કે ચાર્જશીટમાંના અન્ય આરોપીઓ દ્વારા કે તે પૈકીના કોઇ આરોપીઓ દ્વારા ચોક્કસ રીતે ઈજા કરાયેલ હોવાનું રજૂ પુરાવા પરથી ફલિત થતુ નથી. આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૩૭, ૫૦૪, બી.પી.એક્ટની કલમ-૧૩૫ અન્વયેના ગુનાનો આક્ષેપ છે તે જોતાં સદર કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯ ના પ્રબંધો જોવામાં આવે તો, તે નીચે મુજબ છે.

**૧. કલમ ૧૪૭: તોફાન અથવા હુલ્લડ (Rioting) માટે શિક્ષા**
**પ્રબંધ:** જે કોઇ હુલ્લડનો દોષી હશે, તેને બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંને સજા થશે.

**૨. કલમ ૧૪૮: ઘાતક હથિયારોથી સજ્જ થઈને તોફાન કરવા**
**પ્રબંધ:** જે કોઇ વ્યક્તિ હુલ્લડ કરવા, ઘાતક હથિયારથી સજ્જ હોવાનો અથવા ગુનાના હથિયાર તરીકે ઉપયોગમાં લેવાતી કોઈપણ વસ્તુથી મૃત્યુ પામવાની શક્યતા ધરાવતો હોવાનો દોષિત હોય,તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા અથવાદંડ અથવા બંને સજા થશે.

**૩. કલમ ૧૪૯: ગેરકાયદેસર મંડળીનો દરેક સભ્ય સમાન ગુના માટે દોષિત**
**પ્રબંધ:** જો કોઇ ગેરકાયદેસર સભાના સભ્ય દ્વારા તે સભાના સામાન્ય ઉદ્દેશ્યના અમલીકરણમાં ગુનો કરવામાં આવે છે, અથવા જેમ કે સભાના સભ્યો જાણતા હતાકે તે ઉદ્દેશ્યના અમલીકરણમાં આચરવામાં આવશે, તો દરેક વ્યક્તિ જે તે ગુનાના આચરવાના સમયે તે જ સભાનો સભ્ય હોય, તે ગુનાનો દોષિત છે.

- ઉપરોક્ત રીતની વ્યાખ્યા ધ્યાને રાખી આગળ વધીએ તો કલમ-૧૪૭ મુજબના ગુનામાંથી સૌપ્રથમ કલમ-૧૪૬ ના પ્રબંધો મુજબની હકીકતો સાબિત થવી જોઈએ બીજા શબ્દોમા કહીએ તો કલમ-૧૪૭ ના પ્રબંધો ધ્યાને લેતા ગેરકાયદેસર મંડળીની રચના ગેરકાયદેસર ઉદ્દેશ્યને પાર પાડવા થયેલ હોવાની અને આવી મંડળીના સભ્યોનો સમાન ઈરાદો હોવાનું પણ પુરવાર કરવાની જવાબદારી પ્રોસીક્યુશનને રહે છે. અંહી જોવામાં આવે તો, ઉપરોક્ત કલમો અન્વયેના ગુનાની કે કોઇ ગુનાની સાબિતી થતી હોય તેવુ દર્શાવતો કોઇ પુરાવો ફરીયાદપક્ષ દ્વારા રજૂ કરાયેલ પુરાવા પરથી ફલિત થતો નથી. આમ, કલમના સાબિતી માટેના જરૂરી તત્વોની મોજુદગી ફરીયાદપક્ષના પુરાવામાં જણાતી નથી. અન્ય કલમો અન્વયે જોવામાં આવે તો જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ થયેલ હોવાનો આક્ષેપ છે પરંતુ, રજૂ પુરાવા જોતાં તેવા જાહેરનામાની યોગ્ય જાહેરાત થયેલ હોવાનો કોઇ પુરાવો આ કામે ફરીયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં જાહેરનામા ભંગ બદલની કલમ બી.પી.એક્ટ-૧૩૫ અન્વયેના ગુનાની સાબિતી અંગે પણ કોઇ

પુરાવો રેકર્ડ પરથી ફલિત થતો નથી.અન્ય સમાધાનલાયક કલમો અન્વયે પક્ષકારોએ સમાધાન લેખિત રજૂ કરેલ છે.તેથી તેવી કલમો અન્વયે વિશેષ ચર્ચા કરવાની રહેતી નથી.

૧૩. ભારતીય પુરાવા અધીનીયમની વીવીધ જોગવાઈઓ મુજબ શ્રેષ્ઠ પુરાવો રજુ કરવાનો નીયમ એ આપણા ફોજદારી ન્યાયીક કાર્યવાહીનો મહત્વપુર્ણ નીયમ છે. આ નીયમ ફોજદારી કાર્યરીતીમાં મહત્વનો ભાગ ભજવે છે અને ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીએ પણ જયાં સુધી આરોપીઓ શંકાથી પર રહીત ગુનેગાર સાબીત ન થાય ત્યા સુધી તે નીર્દોષ છે તેમ માનવાનું સ્વીકારેલ છે. જેથી ફરીયાદપક્ષ પર શ્રેષ્ઠ પુરાવો રજુ કરવાનું ભારણ મુકાયેલ છે. શ્રેષ્ઠ પુરાવાનો નીયમ એવું પણ જણાવે છે કે ફરીયાદપક્ષ પાસે જયાં સુધી સર્વોત્તમ અને ઉચ્ચ પુરાવો હોય અથવા રજુ થઈ શકતો હોય ત્યા સુધી નીમ્ન પુરાવો કેસની હકીકત સંબંધે આપવો જોઈએ નહી. આમ, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાનો પગ સાહેદ નં.૬ નાનીને તા.૨૬.૧.૦૧ ના ક.૧૮.૪૫ વાગ્યે ભુલથી પગ અડી જતા સાહેદણબેને આરોપી નં.૧ નાને ઠપકો આપેલકે જોતો નથી આંધળો છે તેમ કહેતા આરોપી નં.૧ નાનો ઉશ્કેરાઇ જઇને બિભત્સ ગાળો બોલી કહેલ કે થોભી જાઓ હું તમને બતાવી દઉ છું તેમ કહી આરોપી નં.૧ નાઓ બીજા આરોપી ઓને બોલાવી લાવેલ જેમાં આરોપી એક પાસે લાકડી આરોપી નં.૫ પાસે છરી તથા આરોપી નં.૯ પાસે બાવળનુ લાકડુ તથા આરોપી નં.૮ પાસે તલવાર તથા બાકીનાઓ પાસે હાથ પથ્થર લઇ આવી આરોપી એકનાએ સાહેદ નં.૮ નાને માથામાં તથા બરડામાં લાકડી મારી તથા આરોપી નં.૯નાએ સાહેદ નં.૭ નાને હાથ ઉપર બાવળનું લાકડુ મારી તથા બાકીનાઓએ છુટ્ટા પથ્થરો મારી બીજા સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજા કરી આરોપી ઓએ એક સંપ થઇ આવી ગાળો બોલી, છુટ્ટા પથ્થરો મારી સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી મે.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી હકીકત બાબતે આરોપીઓની પ્રત્યક્ષ યાં પરોક્ષ સંડોવણી નિ:શંકપણે પુરવાર કરી શકતા ન હોય, આ સં ાયોગિક પુરાવાનું મુલ્ય ઘટી જાય છે. આ કામે અન્ય આરોપીઓ સામે પણ કોઈ પુરાવો આવેલ નથી. જેથી પડેલ પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનો કેસ નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી તેવા તારણ ઉપર આ અદાલત આવે છે, જેથી મુદ્દા નં.૧ પરત્વેનો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં.૨ પરત્વેનો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::–આ ખ રી  હુ ક મ –::**

૧. આ કામના આરોપીઓને તેની સામેના આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭,૧૪૮, ૧૪૯,૩૨૩,૩૩૭,૫૦૪ બી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજના ગુનામાથી ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ ૨૪૮(૧) ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અપીલ સમય સુધીના જામીન રજૂ કરવા.

૩. નોનવેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો. મુદ્દામાલ સંબંધે વચગાળાનો કોઈ હુકમ કરાયેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા ૯મી, માહે જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૦૯ / ૦૬ / ૨૦૨૬ .
સ્થળ – ધોળકા.

(આર.વાય.ત્રિવેદી)
એડીશનલ ચીફ જ્યુડી.મેજી.,ધોળકા

**યુનિક કોડ જીજે ૦૧૧૦૧**